**ફિફા વર્લ્ડકપ આજની મેચો** | કોલંબિયા vs ઘાના (રાઉન્ડ ઓફ 32) સવારે 7.00 વાગ્યે | કેનેડા vs મોરોક્કો (રાઉન્ડ ઓફ 16) રાત્રે 10.30 વાગ્યે | પરાગ્વે vs ફ્રાન્સ (રાઉન્ડ ઓફ 16) મોડી રાત્રે 2.30 વાગ્યે

# છેલ્લી સેકન્ડના ડ્રામા વચ્ચે પોર્ટુગલ અંતિમ 16માં

## રોનાલ્ડો નોકઆઉટમાં ગોલ કરનારો સૌથી વધુ વય ધરાવતો ખેલાડી બન્યો



ક્રોએશિયા સામેની મેચમાં 68મી મિનિટે મળેલી પેનલ્ટીને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ગોલમાં ફેરવીને ઇતિહાસ રચ્યો હતો અને તે 41 વર્ષ અને 147 દિવસની ઉંમરે વર્લ્ડકપ નોકઆઉટ મેચમાં ગોલ કરનાર ઇતિહાસનો સૌથી વધુ વય ધરાવતો ખેલાડી બન્યો. આ ગોલ ફિફા વર્લ્ડકપ નોકઆઉટ તબક્કામાં તેનો પ્રથમ ગોલ પણ બન્યો હતો. આ ગોલ સાથે, રોનાલ્ડોએ નોકઆઉટ મેચોમાં ગોલ ન કરવાના પોતાના દુકાળનો અંત લાવ્યો. અગાઉ, તેણે પાંચ વર્લ્ડ પમાં આઠ નોકઆઉટ મેચોમાં એક પણ ગોલ કર્યો નહોતો કે આસિસ્ટ પણ કર્યો ન હતો. રોનાલ્ડોના નામે હવે છ વર્લ્ડકપ આવૃત્તિઓમાં કુલ 11 ગોલ છે.

**એક** ગોલથી પાછળ રહ્યા પછી રોનાલ્ડો અને રામોસના ગોલની મદદથી પોર્ટુગલે ક્રોએશિયાને 2-1થી હરાવ્યું

**અંતિમ** પળોમાં ક્રોએશિયાના બરાબરીના ગોલને VAR સમિક્ષા પછી ઓફ સાઇડ ગણી રદ કરાતા પોર્ટુગલ જીત્યું

ટોરોન્ટો, તા. 03 (એપી) : ફિફા વર્લ્ડકપમાં ગુરુવારે રાત્રે રમાયેલી એક હાઈ પ્રોફાઈલ રાઉન્ડ ઓફ 32ની મેચમાં એક ગોલથી પાછળ રહ્યા પછી ક્રિસ્ટીયાનો રોનાલ્ડો અને ગોન્સાલો રામોસના ગોલની સાથે જ અંતિમ મિનિટોમાં સર્જાયેલા VAR (વિડિયો આસિસ્ટન્ટ રેફરી)ના ડ્રામા વચ્ચે પોર્ટુગલે ક્રોએશિયાને 2-1થી હરાવીને અંતિમ 16માં પ્રવેશ કરી લીધો હતો, જ્યાં તેનો સામનો સ્પેન સામે થશે. આ જીતની સાથે 41 વર્ષની ઉંમરે ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને પોર્ટુગલની



જર્સીમાં વધુ એક મેચ રમવા મળશે. ગુરુવારે રાત્રે રમાયેલી રોમાંચક મેચના અંતિમ સમયમાં ક્રોએશિયાના એક ગોલને ઓફસાઇડ જાહેર કરીને રદ કરવામાં આવ્યો હતો.

આ મેચ પોતાનો છઠ્ઠો વર્લ્ડ કપ રમી રહેલા રોનાલ્ડો અને પાંચમી વખત ટૂર્નામેન્ટ ટાઇટલ જીતવાનો પ્રયાસ કરી રહેલા ક્રોએશિયાના લુકા મોડ્રિચ એમ બે દિગ્ગજ 40-પ્લસ ખેલાડીઓ વચ્ચેનો મુકાબલો હતો. મેચની 53મી મિનિટે જોસિપ સ્ટેનિસિચના ક્રોસ પાસ પર ઈવાન પેરિસિચે ગોલ કરીને ક્રોએશિયાને લીડ અપાવી હતી. તે પછી નિકોલા વ્લાસિચ દ્વારા બોક્સની અંદર ફાઉલ થવાને કારણે 68મી મિનિટે પોર્ટુગલને પેનલ્ટી મળી હતી, જેને રોનાલ્ડોએ સરળતાથી ગોલમાં ફેરવીને સ્કોર બરાબરી પર મૂક્યો હતો.

તે પછી 81મી મિનિટે તેને સબસ્ટિટ્યૂટ કરવામાં આવ્યો હતો. તે પછી બીજા હાફના સ્ટોપેજ ટાઈમમાં રામોસના 94મી મિનિટના હેડરે રમતને ફરી એકવાર જીવંત બનાવી દીધી હતી. તે પછી અને પછી ક્યારેય નહીં જોવા મળેલું સૌથી નાટકીય ફિનિશ સર્જાયું હતું.

ક્રોએશિયાને લાગ્યું કે તેમણે છેલ્લી ક્ષણોમાં ગોલ કરીને સ્કોર ૨-૨ થી બરાબર કરી લીધો છે. પરંતુ ૨.૫ મિનિટના વિલંબ બાદ, VAR એ મારિયો પાસાલીચને ઓફસાઇડ જાહેર કર્યો અને ગોલ રદ કરવામાં આવ્યો, જેને પગલે ક્રોએશિયાના ચાહકો રોષે ભરાયા હતા અને મેદાન પર ખાલી બોટલોનો મારો ચલાવ્યો હતો.

## VARથી ગોલ રદ થતાં ક્રોએશિયન ચાહકોએ મેદાનમાં બોટલો ફેંકી હોબાળો મચાવ્યો



પોર્ટુગલ અને ક્રોએશિયા વચ્ચેની મેચ ફૂટબોલ ઇતિહાસના સૌથી મોટા વિવાદોમાંની એક બની ગઈ છે. ટોરોન્ટોમાં રમાયેલી મેચની અંતિમ સેકન્ડમાં, સ્ટાર ડિફેન્ડર જોસ્કો ગાર્ડિઓલે ગોલ કરીને ક્રોએશિયાને 2-2થી બરાબરી પર મૂકી હતી અને જ્યારે એવું લાગતું હતું કે મેચ વધારાના સમયમાં જશે ત્યારે જ VAR (વિડિયો આસિસ્ટ રેફરી) એ દરમિયાનગીરી કરી અને એ સમીક્ષા પછી મુખ્ય રેફરી એસ્પેન એસ્કાસે ક્રોએશિયાના બરાબરીના ગોલને ઓફસાઇડ ગણાવીને નામંજૂર કર્યો હતો. જેના કારણે મોટો હોબાળો મચ્યો હતો. કેટલાક ચાહકોએ તો દાવો પણ કર્યો કે તેમની ટીમ સાથે છેતરપિંડી થઈ છે અને તે પછી આ નિર્ણયથી ગુસ્સે ભરાયેલા ક્રોએશિયન ચાહકોએ સ્ટેન્ડમાંથી પાણીની બોટલો અને કેન મેદાન પર ફેંકવાનું શરૂ કર્યું હતું.

## ભારત સામેની વન ડે સીરિઝ માટે ઈંગ્લેન્ડની ટીમમાં કોલ્સ, ટંગનો સમાવેશ

**ઈંગ્લેન્ડની** 16 સભ્યોની ટીમમાં આર્ચર, એટકિન્સન, ટંગ અને મહમૂદ એમ ચાર ઝડપી બોલરનો સમાવેશ



લંડન, તા. 03 (પીટીઆઈ) : ઈંગ્લેન્ડે આજે શુક્રવારે ભારત સામેની ત્રણ મેચની વનડે સીરિઝ માટે 16 સભ્યોની ટીમમાં એનકેપ્ડ ઓલરાઉન્ડર જેમ્સ કોલ્સ અને ફાસ્ટ બોલર જોશ ટોંગનો સમાવેશ કર્યો છે.

ભારત અને ઈંગ્લેન્ડ હાલમાં પાંચ મેચની ટી-20 ઈન્ટરનેશનલ સીરિઝ રમી રહ્યા છે. ત્યારબાદ બંને ટીમો 14, 16 અને 19 જુલાઈના રોજ બર્મિંઘમ, કાર્ડિફ અને લોર્ડ્સમાં અનુક્રમે ત્રણ વન ડેમાં એકબીજાનો સામનો કરશે. મજબૂત ભારતીય ટીમને પડકારવા માટે ઈંગ્લેન્ડે ફાસ્ટ બોલર ગસ એટકિન્સન અને સાકિબ મહમૂદને પણ ટીમમાં સામેલ કર્યા છે. રોહિત શર્મા અને ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ભારતીય ટીમમાં પાછા ફરે તેવી અપેક્ષા છે, જ્યારે વિરાટ કોહલીની ઉપલબ્ધતા તેની ફિટનેસ પર નિર્ભર રહેશે. ઈંગ્લેન્ડના મુખ્ય ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર પણ ટીમમાં છે, જે નવેમ્બર 2025 પછી પહેલી વાર વન ડે ક્રિકેટમાં વાપસી કરી રહ્યો છે.

**વન ડે સીરિઝ માટે ઈંગ્લેન્ડની ટીમ**

હેરી બ્રુક (કેપ્ટન), ટોમ બેન્ટન (વિકેટકીપર), જેકબ બેથલ, જો રૂટ, બેન ડકેટ, જોસ બટલર (વિકેટકીપર), વિલ જેક્સ, રેહાન અહેમદ, જોફ્રા આર્ચર, ગસ એટકિન્સન, જેમ્સ કોલ્સ, સેમ કરન, લિયામ ડોસન, સાકિબ મહમૂદ, આદિલ રશીદ, જોશ ટંગ.

## સ્વિટ્ઝલેન્ડને એમ્બોલો અને એન્ડોયે અંતિમ 16માં પહોંચાડ્યું

**રાઉન્ડ** ઓફ 32ની મેચમાં સ્વિટ્ઝર્લેન્ડે અલ્જીરિયાને 2-0થી હરાવી 88 વર્ષ પછી નોકઆઉટ મેચ જીતી



વાનકુવર, તા. 03 : ફૂટબોલ વર્લ્ડકપમાં ગુરુવારે અહીં રમાયેલી રાઉન્ડ ઓફ 32ની એક મેચમાં બ્રિલ એમ્બોલો અને ડેન એન્ડોયેના ગોલથી સ્વિટ્ઝર્લૅન્ડે અલ્જીરિયા પર 2-0થી જીત મેળવીને અંતિમ 16માં પ્રવેશ મેળવ્યો હતો. સ્વિટ્ઝર્લૅન્ડનો આગામી મુકાબલો રાઉન્ડ ઓફ 16માં કોલંબિયા અને ઘાના વચ્ચેના મેચના વિજેતા સાથે થશે, જે આવતા મંગળવારે વાનકુવરમાં રમાશે.

સ્વિટ્ઝર્લેન્ડે દરેક હાફમાં એક ગોલ કર્યો, જે બંને ગોલ વિજેતા સાબિત થયા. બીજા હાફમાં કોઈ પણ ટીમે ગોલ કર્યો નહીં. આ વર્લ્ડકપમાં સ્વિટ્ઝર્લેન્ડનો સતત ત્રીજો વિજય હતો, જે પ્રથમ વખત હતો જ્યારે તેઓ સતત ત્રણ મેચ જીતી શક્યા હતા.

ફ્રાન્સમાં 1938ના વર્લ્ડકપ પછી સ્વિટ્ઝર્લેન્ડે નોકઆઉટ રાઉન્ડની એક પણ મેચ જીતી ન હતી, પરંતુ 1954માં ટીમે પ્લેઓફ મેચ જીતીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સ્વિટ્ઝર્લૅન્ડ છેલ્લા ત્રણ વર્લ્ડકપમાં અંતિમ ૧૬માં પહોંચ્યું હતું પરંતુ વધુ પ્રગતિ કરવામાં નિષ્ફળ ગયું. અલ્જીરિયા 2014 પછી પહેલી વાર વર્લ્ડકપમાં ભાગ લઈ રહ્યું હતું. તેઓ 2014માં નોકઆઉટ રાઉન્ડમાં પહોંચ્યા હતા પરંતુ જર્મની સામે હારી ગયા હતા.

## ઓયાર્ઝાબાલના બે ગોલથી સ્પેને 16 વર્ષ પછી નોકઆઉટ મેચ જીતી

**સ્પેનની** ઓસ્ટ્રિયા પરની 3-0ની જીતમાં બે ગોલ મિકેલ ઓયાર્ઝાબાલે જ્યારે એક ગોલ પેડ્રો પોરોએ કર્યો

**લેમિન** યમાલે ભલે ગોલ ન કર્યો પરંતુ ગોલ પરના સ્પેનના 10 શોટમાંથી ચાર તેણે ફટકાર્યા



ઈંગલવુડ, તા. 03 (એપી) : ફિફા વર્લ્ડકપમાં ગુરુવારે રાત્રે રમાયેલી રાઉન્ડ ઓફ 32ની એક મેચમાં મિકેલ ઓયાર્ઝાબાલના બે ગોલની મદદથી ટાઇટલના દાવેદાર સ્પેને ઓસ્ટ્રિયાને 3-0થી હરાવીને અંતિમ 16માં પ્રવેશ કર્યો હતો. આ જીત સાથે સ્પેન 2010માં ચેમ્પિયન બન્યા પછી પહેલી વાર વર્લ્ડકપ નોકઆઉટ રાઉન્ડ મેચ જીતી છે.

ઓયાર્ઝાબાલે 36મી અને 89મી મિનિટે ગોલ કર્યા હતા. તેના સિવાય સ્પેનનો ત્રીજો ગોલ પેડ્રો પોરોએ 66મી મિનિટે કર્યો હતો. જેનાથી સ્પેને અત્યાર સુધીની ટુર્નામેન્ટમાં તેમનું સૌથી પ્રભાવશાળી પ્રદર્શન કર્યું. તેઓએ બોલ પર સંપૂર્ણ નિયંત્રણ જાળવી રાખ્યું અને તેમના આક્રમક અને કલાત્મક રમતનું ઉત્તમ પ્રદર્શન કર્યું. સ્પેને હાલના વર્લ્ડકપમાં હજુ સુધી પોતાની સામે એક પણ ગોલ કરવા દીધો નથી. ઓસ્ટ્રિયા ગોલ પર એક પણ શોટ લેવામાં નિષ્ફળ ગયું. આમ, સ્પેનના ગોલકીપર ઉનાઈ સિમોન ગોલ ન ગુમાવીને સતત ચોથી મેચમાં ક્લીન શીટ રાખવામાં સફળ રહ્યા છે.

આ મેચમાં યુવા સ્ટ્રાઈકર લેમિન યામાલે ભલે ગોલ ન કર્યો હોય, પરંતુ તેણે પોતાના પ્રદર્શનથી પ્રભાવિત કર્યો. સ્પેનના ગોલ પર 10 શોટ હતા, જેમાંથી ચાર 18 વર્ષના ખેલાડીએ લગાવ્યા હતા. સોફી સ્ટેડિયમમાં ખીચોખીચ ભરેલા સ્પેનિશ સમર્થકોએ તેને જોરદાર તાળીઓથી વધાવી લીધો.

તે 85 મિનિટ સુધી મેદાન પર રહ્યો, જે વર્તમાન ટુર્નામેન્ટમાં તેણે કોઈ મેચમાં સૌથી વધુ વિતાવેલો સમય છે. સ્પેનનો આગામી મુકાબલો સોમવારે ડલ્લાસમાં પોર્ટુગલ સામે થશે, જેણે બીજી મેચમાં ક્રોએશિયાને 2-0થી હરાવ્યું. છેલ્લા ત્રણ વર્લ્ડકપમાં, સ્પેન બે વાર નોકઆઉટ તબક્કામાં અને એક વાર ગ્રુપ તબક્કામાં બહાર થઈ ગયું હતું.

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૪ | ૧ | ૨ | ૮ | ૭ | ૫ | ૯ | ૩ |
| ૫ | ૮ | ૯ | ૪ | ૩ | ૧ | ૭ | ૬ | ૨ |
| ૩ | ૭ | ૨ | ૯ | ૫ | ૬ | ૧ | ૮ | ૪ |
| ૨ | ૯ | ૩ | ૭ | ૧ | ૫ | ૬ | ૪ | ૮ |
| ૮ | ૫ | ૪ | ૬ | ૯ | ૨ | ૩ | ૧ | ૭ |
| ૭ | ૧ | ૬ | ૮ | ૪ | ૩ | ૯ | ૨ | ૫ |
| ૧ | ૨ | ૫ | ૩ | ૬ | ૮ | ૪ | ૭ | ૯ |
| ૯ | ૩ | ૭ | ૧ | ૨ | ૪ | ૮ | ૫ | ૬ |
| ૪ | ૬ | ૮ | ૫ | ૭ | ૯ | ૨ | ૩ | ૧ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**કૃમિ**

ગુજરાતી વૈદરાજ શોઢલ, કૃમિ પર, મામેજક ઘનવટી, બાળકને એક, એક અને મોટાંને બે, બે પાણી સાથે લેવા કહે છે. ગળપણ, દહીં બંધ કરવાં.

### શબ્દગુંફન - ૭૨૩૪
અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. શરીરમાં લોહીનું ફરવું તે (૭)
૬. દુઃખ, પીડા (૩)
૮. શુદ્ધ, પવિત્ર (૩)
૧૦. અધિકારવાળું (૪)
૧૨. ઈજા, ઘા (૩)
૧૩. ઓછું, ખરાબ (૨)
૧૪. એક તેલી બી (૨)
૧૫. રાજા (૨)
૧૬. જમીન ખેડવાનું ઓજાર (૨)
૧૭. શ્રીવિષ્ણુ (૨)
૧૮. રસ્તો (૨)
૧૯. હશે, છો ને (૨)
૨૧. જંગલ (૨)
૨૨. લીન, ડૂબેલું (૨)
૨૩. હિંમત (૨)
૨૪. સહાય (૩)
૨૫. પ્રતિજ્ઞા (૨)
૨૬. સૈન્ય, છાવણી (૩)
૨૭. રાક્ષસ (૩)
૨૮. તપસ્યા (૨)
૨૯. નમસ્કાર (૩)
૩૦. નોળિયો (૩)
૩૨. પ્રત્યેક, દરેક (૨)

**ઊભી ચાવી**
૨. ફિટકાર (૩)
૩. રમતનો સાથી (૨)
૪. બચાવનાર (૩)
૫. એક રૂપાળું પક્ષી (૨)
૬. મૂલ્ય (૨)
૭. તેજ, આભા (૩)
૮. પારકું, અન્ય (૨)
૯. મુકામ, મુસાફરી (૩)
૧૦. સાથે રસ્તે ચાલનાર (૪)
૧૧. લાગણી, ચીડ (૨)
૧૩. ઉકેલ, નિરાંત (૨)
૧૪. હોડી (૨)
૧૬. પ્રત્યેક, દરેક (૨)
૧૭. સમાન વતન છે જેનું તે (૪)
૧૮. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૧૯. અભિપ્રાય (૨)
૨૦. ચમકીલું (૫)
૨૧. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૨૨. ઋણ (૨)
૨૩. દુકાન, ગુજરી (૨)
૨૫. વાયુ (૩)
૨૬. પ્યાલો (૨)
૨૮. ગાયનના ઠેકાનું માપ (૨)

### આજનું પંચાંગ
**તા. 04/07/2026, શનિવાર**
**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : નિજ જેઠ
**તિથિ:** વદ: ચોથ:12:41
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક** : અષાઢ: 13
**યોગ** : પ્રીતિ **કરણ:** કૌવલ
**નક્ષત્ર** : ઘનિષ્ઠા :13:44
**રાશિ:** કુંભ (ગ.સ.શ.ષ.)
**દિવસ** : સામાન્ય શુક્ર સિંહમાં: 19:15 થી
**સુરતમાં સૂર્યોદય** : 06:03 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:23
**નવકારસી** : 06:51
**પારસી વર્ષ** : 1395 બહમન માસનો 24મો રોજ
**મુસલમાન વર્ષ** : 1448 મોહરમ માસનો 18મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ,, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુકાળ: સાંજે : 09:30 થી 11:00 સુધી

### આપની આજ
**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** સ્વાર્થી મિત્રોથી નુકસાન થઇ શકે છે. વિજાતિય મિત્રોથી સાવધાન રહેવું. પ્રેમ પ્રકરણમાં ગેરસમજ પેદા થઇ શકે છે.
**વૃષભ (બ,વ,ઉ,):** કામનો બોજ વધશે. નવા વેપાર ધંધામાં વડીલોની સલાહ લેવી. સમાજજીવનમાં સાવધાન રહેવું.
**મિથુન (ક,છ,ઘ,):** બિન જરૂરી વાતો અને કામથી દૂર રહેવું. મિત્રો તરફથી મદદ મળે. ઉપરી વર્ગ સાથે તાલમેળથી કામ પાર પડે.
**કર્ક (ડ,હ,):** પરિવાર સાથે વિવાદ થાય. ખોટા આક્ષેપો થઇ શકે છે. બહારના લોકોથી સાવધાન, પ્રવાસ ટાળવો.
**સિંહ (મ,ટ,):** મિત્રો સાથે કૌટુંબિક તથા સામાજીક કાર્ય થાય. રોજના કામમાં પ્રગતિ થાય. ઘરમાં અશાંતિ વધશે.
**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીમાં ઉપરી વર્ગ સાથે ઘર્ષણ ટાળવું. ખાવા-પીવામાં સાવધાન રહેવું. અચાનક ખર્ચા વધશે.
**તુલા (ર,ત,):** નવું શીખવા માટે કાર્યક્ષેત્રનો વિસ્તાર થાય. બાળકો વડીલો-જીવન સાથી સાથે સમય પસાર થાય.
**વૃશ્ચિક (ન,ય,):** પારિવારિક બાબતોમાં ધ્યાન આપવું પડશે. નાનાં બાળકોને મદદ કરવી પડે. માનસિક અશાંતિ સતાવે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** ધીરજ અને કુનેહ પૂર્વકના નિર્ણય તથા કામથી સફળતા મળે. પ્રેમમાં સાથ મળે. આવક વધશે.
**મકર (ખ,જ,):** ખાવા-પીવાનાં શોખીનોને મનગમતા ભોજનનો લહવો મળશે. શુભ સમાચાર મળે. ઘરમાં અશાંતિ વધશે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** તમારા યોગ્ય નિર્ણયથી આર્થિક લાભ થાય. વહીવટી કુશળતાનો લાભ મળે. આવક વધશે.
**મીન (દ,ચ,ઝ,થ,):** વાણી તથા વ્યવહારમાં સાવધાની રાખવી. અંગત સંબંધોમાં ગેરસમજ થઇ શકે. ખર્ચા વધશે.

### કોઈ પણ સાલમાં 04 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ
આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષનું સૂચન કરે છે. નોકરી ધંદા-વ્યવસાય, સમાજ, પરિવાર વગેરેમાં સંઘર્ષનો સામનો વધશે. ઉપરાંત હરીફોની દખલગીરી રહેવાથી માનસિક અશાંતિ રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. સંતાનોનાં અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. ટેકનોલોજીનો લાભ મળે. આવક વધારવાની યોજનામાં ચડતીપડતીનો અનુભવ થાય. મિત્રો વડીલોની મદદ, વારસા, જાયદાદ, જમીન કાયદાકીય અને સામાજિક બાબતોમાં મળતી રહેશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં કોઈનો વિશ્વાસ કરવો નહીં. નવા ઘર વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉંમરલાયકનાં વિવાહ થાય. પ્રેમવિવાહમાં વિઘ્નો આવે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધે.અશાંતિ રહેશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, રવિ-સોમ, બુધ તથા 4,13, 22, 31 તારીખે નવાં કામ કરશો. ભૂરા રંગનો ઉપોયગ વધારવો. નવેમ્બર-ડિસેમ્બર, શનિ, શુક્ર, 07, 16, 27 તારીખે નવાં કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ઓછો કરવો. રાહુના ઉપાય કરતાં રહેવું.

### અનુસંધાન ... પાના પહેલાનું

**જુનાગઢના માંગરોળમાં...**

દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આજે ઉત્તર અરબી સમુદ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાન અને હરિયાણાના વધુ વિસ્તારોમાં આગળ વધ્યું છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા લો-પ્રેશર એરિયા, પશ્ચિમ રાજસ્થાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન, ઓફશોર ટ્રફ અને અન્ય હવામાન પ્રણાલીઓ સક્રિય હોવાથી આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન ગુજરાતમાં ચોમાસું વધુ મજબૂત બનવાની સ્થિતિ સર્જાઈ છે. હવામાન વિભાગે 4થી 6 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ તથા દાદરા-નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરીને રેડ એલર્ટ જાહેર કર્યું છે.

**મુંબઈમાં માત્ર 5...**

ત્યારબાદ મલબાર હિલમાં 145.8 એમએમ વરસાદ નોંધાયો હતો. તે જ સમયે, બાંદ્રાની સુપારી ટેન્ક મ્યુનિસિપલ સ્કૂલમાં માત્ર 5 કલાકમાં સૌથી વધુ 73.8 એમએમ વરસાદ ખાબક્યો હતો.

આ ભારે વરસાદ વચ્ચે ગુરુવારે પશ્ચિમી ઉપનગરના ચાંદીવલીમાં એક મેનહોલમાં પડી જવાથી એક પુરુષનું મોત નીપજ્યું હતું, જે આ અઠવાડિયે વરસાદ સંબંધિત બીજી મૃત્યુની ઘટના છે. આ પહેલા મંગળવારે ચેમ્બુરમાં સ્કૂલ બસ પર ઝાડ પડતાં એક 11 વર્ષના છોકરાનું મોત થયું હતું. ગુરુવાર મધ્યરાત્રિથી જ મુંબઈમાં જોરદાર વરસાદ શરૂ થયો હતો. દાદર, અંધેરી, ગોરેગાંવ અને પરેલ જેવા વિસ્તારોમાં સવારે પાણી ભરાયા બાદ ઓસર્યા હતા, પરંતુ સવારે 8 વાગ્યા પછી વરસાદનું જોર ફરી વધ્યું હતું.

**ખામેનેઇના મૃતદેહને કોલ્ડ સ્ટોરેજમાં રખાયો હતો, રસાયણો લગાડાયા નથી**

ખામેનેઈના પાર્થિવ દેહને આ મહિનાઓ દરમિયાન ક્યાં અને કેવી રીતે રાખવામાં આવ્યા હતા તે અંગે ઈરાને સત્તાવાર રીતે કંઈ કહ્યું નથી. પરંતુ યુરો ન્યૂઝ દ્વારા ટાંકવામાં આવ્યા અનુસાર, અલી ખામેનેઈની અંતિમવિધિ અને દફનવિધિ માટેના વિશેષ મુખ્યાલયના પ્રવક્તા ઈમાન અત્તારઝાદેહે જણાવ્યું હતું કે: "ઇસ્લામિક અને કાનૂની ધોરણો અનુસાર, મૃતદેહને અત્યંત આદર અને કાળજી સાથે સાચવવામાં આવ્યો છે." ઇસ્લામમાં જેમ બને તેમ વહેલી દફનવિધિ કરી નાખવાનો આગ્રહ રખાય છે ત્યારે ખામેનેઇનો પાર્થિવ દેહ કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો હતો એમ જાણવા મળે છે કારણ કે સુરક્ષા સહિતના કારણોસર તેમની દફનવિધિમાં ઘણા દિવસો લાગી ગયા છે. મૃતદેહને રસાયણો લગાવવામાં આવ્યા નથી કારણ કે ઇસ્લામમાં આમ કરવાની મનાઇ છે એમ જણાવવામાં આવ્યું છે.

**ખામેનેઈની અંતિમવિધિનો...**

અને ઈરાકના શહેરોમાં અંતિમયાત્રા ફેરવવામાં આવ્યા બાદ નવમી તારીખે ઈરાનના મશહદ શહેરમાં દફનવિધિ થશે. વિશ્વના અનેક દેશોના નેતાઓ અને બે કરોડ જેટલા લોકો આ દિવસો દરમ્યાન તેહરાન પહોંચે એવી અપેક્ષા છે.

અલી ખામેનેઈ અને તેમના પરિવારના સભ્યોની અંતિમ વિદાયની વિધિઓ શરૂ થઈ ગઈ છે. ખામેનેઈની સાથે તેમની 14 મહિનાની પૌત્રી, પત્ની, પુત્રી અને જમાઈને પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. ખામેનેઈની પૌત્રીની નાની શબપેટી પાસે તેની તસવીર પણ રાખવામાં આવી છે. તેહરાનના મોસલ્લા સંકુલમાં અલી ખામેનેઈ અને તેમના પરિવારના કેટલાય સભ્યોના શબપેટી રાખવામાં આવ્યા છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિયાન સહિત દેશનું ટોચનું નેતૃત્વ તેહરાનના ગ્રાન્ડ મોસલ્લામાં ખામેનેઈને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યું હતું. આ દરમિયાન પેઝેશકિયાન ભાવુક થઈને રડી પડ્યા હતા. તેમની સાથે હાજર ઈરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બઘેર ગાલિબાફ અને કેટલાય સૈન્ય અધિકારીઓ પણ પોતાના આંસુ રોકી શક્યા નહોતા. ખામેનેઈ અને તેમના પરિવારના કેટલાક સભ્યોનું ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા-ઈઝરાયેલના સંયુક્ત હવાઈ હુમલામાં મોત થયું હતું. ૧૩૧ દિવસ પછી, ૯ જુલાઈએ તેમને ઈરાનના મશહદ શહેરમાં દફનાવવામાં કરવામાં આવશે. શિયાઓના આદરણીય ધર્મગુરુ ઈમામ રઝાની દરગાહમાં ખામેનેઈને દફનાવવામાં આવશે.

આ હુમલામાં કથિત રીતે ઘાયલ થયા બાદ નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈ હજુ પણ ગુપ્ત સ્થળે છે. જ્યારે લશ્કરી બેન્ડે ધૂન વગાડી, એક વ્યક્તિએ પ્રાર્થના ગાઈ, ત્યારે ધાર્મિક નેતાઓ અને વિદેશી મહાનુભાવો ખામેનેઈની શબપેટી પાસે પહોંચ્યા હતા. ઈરાનની નાગરિક સરકારના મુખ્ય નેતાઓ એવા સંસદના સ્પીકર મોહમ્મદ બાગેર ગાલિબાફ, વિદેશ મંત્રી અબ્બાસ અરાગચી અને રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિયાને શ્રદ્ધાંજલિ અર્પી હતી. દરમ્યાન, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ, લશ્કરી વડા અસીમ મુનીર, વિદેશ મંત્રી ઈશાક દાર તથા અન્ય કેટલાક નેતાઓ શ્રદ્ધાંજલિ આપવા તેહરાન પહોંચ્યા છે. હાલના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઇ હુમલામાં ઈજાગ્રસ્ત થયા બાદ પોતાના પિતાની અંતિમવિધિમાં હાજર રહેવા પ્રથમ વખત જાહેરમાં આવે તેવી શક્યતા છે. દરમ્યાન, કતારે જાહેરાત કરી છે કે દફનવિધિ પછી મંત્રણાનો આગામી રાઉન્ડ શરૂ થશે.

**ઈ-રિક્ષાને રિમોટથી...**

કે, BAT-BMS નામની ચાઈનીઝ સ્માર્ટફોન એપ્લિકેશન સાથે જોડાયેલા રિમોટ શટડાઉન ફીચરના કારણે કેટલીક ઈ-રિક્ષાઓ અચાનક ચાલતી બંધ થઈ ગઈ હતી. આ વીડિયો વાયરલ થયા બાદ, ઈન્ટરનેટથી કનેક્ટેડ વાહન મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા ઊભા થતા સાયબર સુરક્ષાના જોખમો અંગે દેશભરમાં વ્યાપક ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, જેના પગલે સરકારે આ કડક પગલું ભર્યું છે.

**આ ત્રણેય...**

છે. તેના દ્વારા યુઝર્સ બેટરીનું ચાર્જ લેવલ, વોલ્ટેજ, કરંટ અને તાપમાન જોઈ શકે છે તેમજ ચાર્જિંગ અને ડિસ્ચાર્જિંગ ફંક્શનને કંટ્રોલ કરી શકે છે. BAT-BMS એપ અંદાજે 15 મીટરની બ્લૂટૂથ રેન્જમાં કામ કરે છે અને તે એકસાથે અનેક બેટરીઓ સાથે કનેક્ટ થઈ શકે છે. ઓછી કિંમતની ઈ-રિક્ષાઓમાં વપરાતી બેટરી મેનેજમેન્ટ સિસ્ટમમાં 'ઓથેન્ટિકેશન'નો અભાવ હોવાથી આ જોખમ ઊભું થયું છે. 'Lossigy' અને 'Epoch-i-ion' પણ અન્ય ઉત્પાદકોની બ્લૂટૂથ-સક્ષમ લિથિયમ બેટરીઓ માટે વપરાતી આ પ્રકારની જ સમાન BMS એપ્લિકેશન્સ છે.

**રામ મંદિર દાન...**

મળેલી જ્વેલરી, સોના અને ચાંદીની વસ્તુઓની પણ ઝીણવટભરી ચકાસણી કરવામાં આવશે. આ મામલામાં અયોધ્યા પોલીસે મુખ્ય આરોપી અવિનાશ શુક્લાને કસ્ટડીમાં લઈને પૂછપરછ કરી છે. અવિનાશ દાનની ગણતરીના કામમાં સામેલ હતો, જેની પાસેથી સૌથી વધુ રોકડ રકમ કબજે કરવામાં આવી હતી. અદાલતે તેને 24 કલાકની પોલીસ કસ્ટડીમાં મોકલ્યો હતો.

અત્યાર સુધીમાં આ કેસમાં 8 લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાએ રાજીનામા આપી દીધા છે, જેના પર 6 જુલાઈએ યોજાનારી ટ્રસ્ટની બેઠકમાં નિર્ણય લેવાશે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીઓ પાસેથી મોટી માત્રામાં રોકડ જપ્ત કરવામાં આવી છે, જેમાં શુક્લા પાસેથી 20.39 લાખ, કરુણેશ પાંડે પાસેથી 18.07 લાખ અને અનુકલ્પ મિશ્રા પાસેથી 16.82 લાખનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તપાસ દરમિયાન 11 ગ્રામ સોનું, 375 ગ્રામ ચાંદી અને 1,121 ડોલર પણ મળી આવ્યા છે. તપાસકર્તાઓએ અયોધ્યાના એક યોગ કેન્દ્રમાંથી પેટીએમ ક્યુઆર કોડ ધરાવતું 'રામરાજ્ય કોષ' લખેલું દાન બોક્સ પણ જપ્ત કર્યું છે, જ્યાં શુક્લા રહેતો હતો.

**રામ મંદિરમાં...**

આસ્થાને ઊંડો આઘાત લાગ્યો છે. તેમણે માગ કરી છે કે તપાસ બાદ જે પણ વ્યક્તિ દોષિત સાબિત થાય તેને કડક સજા મળવી જોઈએ. તેમણે ઉમેર્યું કે ભારત અને વિદેશના કરોડો રામભક્તોના બલિદાન અને સંઘર્ષ બાદ બનેલું આ ભવ્ય મંદિર સમગ્ર હિન્દુ સમાજની શ્રદ્ધાનું કેન્દ્ર છે, તેથી સંઘ સહિત આખો સમાજ અત્યંત દુઃખી અને ક્રોધિત છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં બીજા ક્રમનું સ્થાન ધરાવતા દત્તાત્રેય હોસબલેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક નિવેદન જારી કરીને આ પ્રતિક્રિયા આપી છે. શ્રીરામ મંદિરમાં દાનની કથિત ચોરીના આ મામલામાં આરએસએસની આ પ્રથમ સત્તાવાર પ્રતિક્રિયા છે.